# ભજનઃ૧૭

## ઓ રે શામળિયા....

ઓ રે શામળિયા..લેજે મને તું ઉગારી...૨
તારા ભરોસે નાવડી મેં તો..ભર દરિયામાં ઉતારી રે..ઓ રે

મારી તમારી પ્રભુ પ્રીત પુરાણી, શું કામ જગતને જણાવી
લાજ જશે મારી તો હાંશી થાશે તારી સાંભળજે વિનંતી મારી
હે..તારે ધ્વારે આવ્યો ભિખારી..ગોવૅધન ગીરધારી રે..ઓ રે

ડાકોરના નાથ મારી.જાયે ના લાજ.મને શરણે રાખીલો તમારી
આવ્યો તારે ધ્વારે લઇ આસુંની ધારા.મારે મને કે તું તારે
સંસારના સુખ સારા લાગે છે લાગી લગની તમારી રે...ઓ રે

નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી.શેઠ શામળશા બનીને
રાણે દીધેલા ઝેર બાઇ મીરાંએ પીધા તા અમૃત જાણીને
પાણીડા વઇ આજે દુઃખના કાજે ભક્તોના છે જાણી..ઓ રે